# <u>સોયાબીન અને શાકભાજી પાકોમાં ફિલ્ડ ડે ની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૦.૧૦.૨૦૧૬ના રોજ બોરડી સરકારી (તા. દાહોદ) ગામ મુકામે સોયાબીન (એનઆરસી-૩૭), ભીંડા (જીએઓ-૫) અને તુવેર (એવીપીપી-૧) પાકોમાં <u>"ફિલ્ડ ડે"</u> ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ કિચન ગાર્ડનીંગ વિશે સમજ અને શાકભાજી પાકોમાં હાઇબ્રીડ અને સુધારેલ જાતોનુ મહત્વ, પ્રો. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ)એ શાકભાજી પાકો તેમજ રવી પાકોમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપનનાં પગલાં અને ટ્રાયકોડર્મા તથા ફેરોમેન ટ્રેપ અંગે અને પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) દ્વારા મુખ્ય રવી પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે ખેડુત મહિલાઓને માહિતગાર કરવામાં આવેલ. વધુમાં આ કાર્યક્રમમાં ખેડુત મહિલાઓને સ્વચ્છ ભારત પખવાડિયા અંતર્ગત સ્વચ્છતા વિશે પણ જાણકારી આપી તેનો અમલ કરવા વૈજ્ઞાનિકો દ્વારા અપીલ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૫૩ ખેડુત મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



પ્રો. એચ. એલ. કાચાનું ઉદબોધન



પ્રો. એન. કે. રાઠોડનું ઉદબોધન






પ્રો. એન. ડી. મકવાણાનું ઉદબોધન




સ્વચ્છ ભારત મિશન વિશે જાણકારી




સોયાબીન અને શાકભાજી પાકોમાં ફિલ્ડ ડે ની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લીધેલ ખેડુત મહિલાઓ